# ઉરે પુરૂરવા સ્નેહભીનો

– જસવંત મહેતા

ઇન્દ્રદેવનો દરબાર ભરાયો હતો. સુવર્ણમય સિંહાસન પર ઇન્દ્રદેવ બિરાજમાન હતા. યક્ષો, ગાંધર્વો ગાન ગાઈ રહ્યા હતા. મરુતો મંદમંદ લહરો પ્રસરાવી રહ્યા હતા. ઉર્વશી, મેનકા ઇત્યાદિ અપ્સરોઓ નૃત્ય કરી રહી હતી. આખુંય વાતાવરણ રસમય હતું, સંગીતમય હતું.

ધરતી પર ઋષિઓ યજ્ઞો દ્વારા દેવોનું આવાહન કરી રહ્યા હતા. સોમવલ્લીની લતા ઘૂંટાઈ રહી હતી. સોમરસની લીલાલહેર ધરતીને આંગણે હતી. દાનવો શાંત હતા. હરિયાળી ધરતી પર બારે મેહની મહેર હતી. ધનધાન્યથી સુજલાં સુફલાં ધરતી નવપલ્લવિત બની રહી હતી.

યમુના, ગંગા, ગોદાવરી, કાવેરીનાં જલ મન રંજિત કરતાં વહ્યે જતાં હતાં. માનવીઓનાં મન અને તન પ્રસન્ન હતાં.

ધરતી અને આકાશની લીલાના રસભોક્તા મહર્ષિ નારદ વીણાના સૂરથી સ્વર્ગને ગુંજતું કરતા ઇન્દ્રના દરબારમાં ‘‘નારાયણ....નારાયણ....’’ કરતા પ્રવેશ્યા.

ઘડીભર તો નારદજીની વીણાના સૂરે યક્ષ, કિન્નર અને ગાંધર્વોના ગાનમાં અનોખી મોહિની ભરી દીધી. મેનકા...ઉર્વશી...રંભા ઇત્યાદિ અપ્સરાઓનાં નર્તન કરતાં ચરણના ઠેકામાં ઉત્સાહના પ્રાણ ફૂટયાં.

‘‘પધારો....પધારો, બ્રહ્મર્ષિ નારદ...સ્વર્ગલોકના દેવાધિદેવ ઇન્દ્ર આપનું સ્વાગત કરે છે.’’ ઇન્દ્રદેવ સિંહાસન પરથી ઊભા થઈ જતાં – નારદજી પાસે પહોંચી વિનયપૂર્વક પ્રણામ કરીને માનભેર નારદજીને સિંહાસન પાસે દોરી લાવ્યા.

‘‘દેવેન્દ્ર...છો તો ક્ષેમકુશળને ?’’ – સિંહાસનની બાજુમાં જ રત્નજડિત આસન પર સ્થાન ગ્રહણ કરતાં નારદજીએ પૂછ્યું.

‘‘દેવર્ષિ, આપની કૃપાથી અહીં બધું જ આનંદમંગળ છે...આપ તો ત્રણે ભુવનમાં વિચરનારા... વિશ્વના અનોખા પરિવ્રાજક છો. આપ સુણાવો...ભૂમંડળ, એમાં વસતા રાજેન્દ્રો, ઋષિમુનિઓ... જનપદવાસીઓ બધા આનંદમાં તો છે ને ?’’ ઇન્દ્રે પૂછ્યું.

''દેવેન્દ્ર....ભૂતલ પર આજકાલ તો ચંદ્રવંશી રાજા પુરૂરવાનું રાજ્ય સૂર્યચંદ્રની જેમ ઝળહળે છે. ઈળા એની માતા...અને બુધ એના પિતા....ચંદ્રવંશના રૂપના અમીવર્ષણથી એની કાયાનાં રૂપ વધતાં જાય છે. સૂર્યદેવની એના પર અનહદ કૃપા છે. ચૈતન્યનો મહાસાગર એના શરીરમાં સદાય ઊછાળતો રહે છે....એ પરાક્રમી પૌરુષસભર ચંદ્રની ક્રાંતિવાળો પુરૂરવા પૃથ્વીલોકનું અણમોલ રત્ન છે. અંતરમાંથી સાધુ–સંતોની સેવાનું અવિરત ઝરણું સદાય વહેતું રહે છે...એની હૃષ્ટપુષ્ટ–તંદુરસ્તી–ભરી કાયા સૂરજનાં કિરણોથી ઝળહળે છે. આવા રાજવીના તપથી પૃથ્વીલોક હજુ હર્યોભર્યો રહ્યો છે. પુરૂરવાનો પ્રભાવ જ એવો છે કે ઇતર પ્રવૃત્તિઓનું કોઈ માન સન્માન પણ એને જ પ્રાપ્ત થતું હતું.'' નારદવાણી જેમ જેમ આગળ વધતી જતી તેમ તેમ અપ્સરાના વૃંદમાંથી એક અપ્સરા બાજુમાં તરી આવી મુગ્ધ હૈયે નારદમુનિના મુખે નરપુંગવ પુરૂરવાનાં વખાણ સાંભળી રહી હતી.

જેમ જેમ દેવર્ષિ નારદના શબ્દો એના કાને પડતા જતા હતા...તેમ તેમ એ એકપક્ષીય જાગેલા ''પ્રણયજ્વર''ના કારણે દેહાનુસંધાન ગુમાવી રહી હતી. એના નૃત્યના ઠેકા લય ચૂકી જતા – સંગીતના તાલ બેસૂરા સંભળાવા લાગ્યા.

''પુરૂરવા....પુરૂરવા....પુરૂરવા....'' – એના કંઠમાંથી અનાયાસે ઉદ્‌ગાર સરી પડયા....અને રંગમાં ભંગ પડયો....

ઇન્દ્રદેવ કોપાયમાન થતાં સિંહાસન પરથી ઊભા થઈ ગયા...અને બરાડી ઊઠયા :

''ઉર્વશી...''

વાતાવરણમાં ભયંકર શાંતિ પ્રસરી ગઈ...

''દેવેન્દ્ર.... વિદાય...'' – વીણા વગાડી નારદજી મંદમંદ સ્મિત વેરતા બોલી ઊઠયા. એમના ચહેરા પર મરકમરક સ્મિત છલકતું હતું.

''ઉર્વશી.... આ શું ચાલી રહ્યું છે ? તારું તન...તારું મન...અરે, તું હોશમાં છો ?...સ્વર્ગલોકની અપ્સરા પૃથ્વીલોકના એક તુચ્છ માનવીનાં રૂપગુણનું વર્ણન સાંભળી ધ્યાનભંગ થાય...દેવોથી વધુ સૌંદર્યવાન આ ત્રિલોકમાં બીજું કોઈ જ નથી...તું દેવલોકની અપ્સરા...આજે તાલ ચૂકી... હું તને પૃથ્વીલોક પર સજારૂપે જવાની આજ્ઞા કરું છું. આદિનારાયણના ઉરૂ – સાથળમાંથી જેનો જન્મ થયો છે તેવી હે ઉર્વશી...તું સ્વર્ગના ભોગ ભોગવવાને લાયક નથી રહી.''

‘‘દેવેન્દ્ર....દેવેન્દ્ર...મને ક્ષમા કરો... આપણા નટખટ દેવર્ષિ નારદજીની વાણીમાં હું ભોળવાઈ ગઈ....મારો અપરાધ ક્ષમા કરો, દેવેન!’’

‘‘મારું વચન મિથ્યા નહીં થાય...તારે પૃથ્વીલોક પર જવું જ પડશે.’’

‘‘નારાયણ...નારાયણ...’’ કરતા દેવર્ષિ દેવલોક છોડી ચાલ્યા ગયા.


ઉર્વશી અંતરિક્ષમાં સરી પડી....

આંખો સામે એક દેદીપ્યમાન પૌરુષસભર આકૃતિ ઉર્વશી સામે ખડી થઈ ગઈ...

ઉર્વશી ઘડીભર એ તેજસ્વી આકૃતિને જોઈ રહી.

‘‘એ...જ, એ...જ! બ્રહ્મર્ષિ નારદે દેવલોકમાં જેનાં ગુણગાન ગાયાં હતાં...એ..એ જ નરપુંગવ રાજન્ પુરૂરવા આપ તો નહીં ?’’ – લજ્જાથી મસ્તક નમાવતી ઉર્વશી બોલી ઉઠી.

‘‘દેવી...આપની વાણી સત્ય છે. માતા ઈળા અને બુધનો પુત્ર ચન્દ્રવંશી કુળનો રાજા પુરૂરવા મારું નામ છે...દેવી...આ ચંચળ ચિત્તચોર નયન...દેહમાંથી નીતરતું રૂપ, શરીરમાંથી પ્રગટતી દૈવી



કાંતિ, નર્તન કરતાં ચરણ...દેવી, આપ કોણ છો ?...મારું મન આપનામાં લોભાયું છે.''

''રાજન્, હું સ્વર્ગલોકની અપ્સરા ઉર્વશી...અને આપ...માનવશ્રેષ્ઠ રાજન્ પુરૂરવા...દેવલોકમાં ઇન્દ્રદેવના દરબારમાં હું અન્ય અપ્સરાઓ સાથે નૃત્ય કરી રહી હતી, ત્યારે દેવર્ષિ નારદ દેવ લોકમાં પધાર્યા હતા અને એમણે તમારાં પરાક્રમોની, તમારા રૂપની, તમારા સામ્રાજ્યની, તમારી વાણીની એવી તો પ્રશંસા કરી કે હું દેવલોકની અપ્સરા તમારા પ્રેમમાં ખોવાઈ ગઈ...નૃત્યનો ઠેકો ચૂકી...અને ઇન્દ્રનો કોપ વહોરી...પૃથ્વીલોક પર પટકાણી છું.''

''દેવી...આપના સૌંદર્ય...આપના પ્રેમે...મને આપનો દાસ બનાવી જ દીધો છે....મારા હૃદયસિંહાસને બિરાજી આપ મારી સંસાર–ભોમકાને ઉજજ્વળ બનાવો.''

અને ઉર્વશી પ્રતિષ્ઠાનપુરના મહારાજા પુરૂરવાની રાણી બની – પ્રેરણામૂર્તિ બની, પુરૂરવાના દરેક કાર્યની સહભાગી બની. ઉર્વશી પૃથ્વીલોકમાં એની બેચાર સહેલીઓ સાથે એને ખૂબ જ વહાલાં એવાં ઘેટાનાં બે બચ્ચાંને પણ લાવી હતી...બન્ને ઘેટાં એને પ્રાણથી પણ પ્યારાં હતાં.

આ બાજુ ઉર્વશીની ગેરહાજરીથી દેવલોકની રોનક હણાઈ ગઈ હતી. ખુદ ઇન્દ્રદેવને એની ગેરહાજરી સાલતી હતી.

ઉર્વશીને દેવલોકમાં પાછી લાવવા માટે એણે ગંધર્વોને પ્રતિષ્ઠાનપુર મોકલ્યા.

પ્રતિષ્ઠાનપુરના અંતઃપુરમાં રત્નજડિત પલંગ પર ઉર્વશી સૂતી હતી. પુરૂરવા એની જમણી બાજુએ સૂતો હતો, તો ઘેટાનાં બે બચ્ચાં બાજુમાં સૂતાં હતાં. દેવલોકમાંથી આવેલા ગંધર્વે અંતઃપુરમાં પ્રવેશ કર્યો અને એક બચ્ચું ચોરી ગયો.

''મારું ઘેટાનું બચ્ચું કોણ લઈ ગયું ?'' – અને પુરૂરવાને સંબોધીને છાતી વીંધી નાખે એવો કટાક્ષ કરતાં ઉર્વશી બોલી ઊઠી :

''ધિક્ છે, રાજન...ક્યાં ગઈ તમારી શૂરવીરતા ? ક્યાં ગઈ તમારી સચોટ સંરક્ષણ–વ્યવસ્થા ? ક્યાં ગઈ તમારી ચકોર નજર ? તમારી એવી તે કેવી ઊંઘ કે મારા પડખામાંથી મારા ઘેટાંનું બચ્ચું ચોરાઈ જાય ?''

''શાન્ત થાઓ, દેવી...હું આકાશ–પાતળ અને ધરતીનો પટ ખૂંદી કાઢીને પણ તમારા ઘેટાને શોધી લાવીશ.'' કહેતો નરવીર રાજા એક ઘેટાની શોધમાં અંતઃપુરમાંથી નીકળ્યો...ત્યારે ચાલાક

ગંધર્વે વીજળીના ચમકારાથી સૃષ્ટિને ભરી દીધી...અને એ વીજળીના ચમકારામાં પુરૂરવાના નગ્ન દેહને જોતાં જ...ઉર્વશી વીજળીના ઝબકારામાં સમાઈ ગઈ...અને દેવલોકમાં પહોંચી ગઈ.

આકાશ, પાતાળ અને પૃથ્વીને ફેંદી વળીને પુરૂરવા ખાલી હાથે એના નગરમાં પાછો ફર્યો ત્યારે ઉર્વશીને જોઈને નહીં. વિરહથી વ્યાકુળ એવા પુરૂરવાની જિંદગી વેરાન થઈ ગઈ. એ જંગલોમાં આમતેમ ઉર્વશીના નામના પોકારો કરતો, આથડતો કુરુક્ષેત્રના વિશ્વયોજન સરોવર પાસે પહોંચ્યો.

શાંત વાતાવરણમાં સરોવરનાં જલ હિલોળા લઈ રહ્યાં હતાં. કમલસરોવરની મધ્યમાં હંસીઓ વિહાર કરી રહી હતી. પુરૂરવાની નજર એક હંસી પર પડી અને એ ચકિત થઈ ગયો. એ હંસીને ઓળખી ગયો, એની સહચરીઓને પણ ઓળખી ગયો. હંસીઓ વિહવળ રાજાને જોઈ શરમાઈને કમલદલની પાછળ અદૃશ્ય થઈ ગઈ.

હંસી ઉર્વશી હતી અને અન્ય હંસીઓ – એની સખીઓ સરોવરમાં જલવિહાર કરવા ઊતરી પડી હતી. પ્રણયઘેલો પુરૂરવા કાકલૂદીભર્યા સ્વરે ઉર્વશીને વિનવતો રહ્યો :

''પ્રિયે, તું પાછી આપણા અંતઃપુરમાં...આપણા નગરમાં આવ...મારા બધા જ દોષો માફ કર...હું તારા વગર જીવી શકીશ નહીં.''

જવાબમાં ઉર્વશી રાજાને આશ્વાસન આપતી કહેવા લાગી :

''રાજન્, સમસ્ત પૃથ્વીલોકના રક્ષણનો ભાર એક રાજા તરીકે તમારા પર છે...પૃથ્વીના રક્ષણ માટે તમારે આ ધરતીને પરાક્રમી પુત્રની ભેટ આપવાની છે. તમારી એ કામના સિદ્ધ થતાં તમે ગાંધર્વલોકમાં આવજો...હું તમારી પ્રતીક્ષા કરીશ.'' – પુરૂરવાને આશ્વાસન આપતી ઉર્વશી ફરી દેવલોકમાં ચાલી ગઈ.

સરોવરના કિનારે પુરૂરવાએ દિવ્ય મંત્રના જાપનું તપ આદર્યું...રાતદિન, ભૂખતરી, તડકો–વરસાદ બધું ભૂલી તપ કરતાં કરતાં એક વર્ષ પૂરું થયું.

આકાશ ઝળાંહળાં થઈ ગયું.

વીજળીના ચમકારા, રોશનીનો ઝળહળાટ, વાયુના હિલોળા, કોકિલનાં કૂજન, સરિતાના વહેતા પ્રવાહથી ધરતી ઝૂલી રહી હતી.

ધ્યાનસ્થ પુરૂરવાને આમાંના કશાનો સ્પર્શ થતો નહોતો. એ તો એની તપશ્ચર્યામાં જ મગ્ન હતા.

‘‘રાજન્, જાગો…’’

મધુર અવાજ કાને પડયો…ધ્યાનભંગ પુરૂરવાની આંખો ખૂલી…અને

‘‘ઓહ ઉર્વશી..તમારી પધરામણી ?’’

‘રાજન્…આપના રાજકુમારને સંભાળો…દિવ્ય ચેતનાનો અગ્નિ સ્વીકારો…આયુ આપનો જ પુત્ર…સમસ્ત પૃથ્વીમંડળનો રક્ષણહાર..પુત્રને સ્વીકારો, રાજન્…’’

– અને રાજકુમાર આયુ સાથે પુરૂરવા પ્રતિષ્ઠાનપુર પાછો ફર્યો અને યથાકાળે…રાજકાળ દીકરાને સોંપી…ગાંધર્વલોક તરફ પ્રયાણ આદર્યું.

■